UNITE FOR GOOD

**Rotary** Surendranagar, District 3060


Team Achievers

Charter NO : 15139 | RI DISTRICT: 3060 | CHARTER DATE: 29/05/1955

# ઉદગામ

YEAR-71 | MARCH.26









RI PRESIDENT:RTN. FRANSESCO AREZZO
DG: RTN. AMARDEEP BUNET
CLUB PRESIDENT: RTN. HIREN SHAH
CLUB SECRETARY : RTN. JITESH DEFTARY



## આઈ ચેકઅપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ

પ્રોજેકટ : આઇ ચેકઅપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ    તારીખ : ૨-૩-૨૦૨૬

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ ફેમિલી ટ્રસ્ટ (ધરમપુર) વિઝન કેર તથા સી. યુ. શાહ મેડિકલ કોલેજના સંયુકત ઉપક્રમે આઇ ચેકઅપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ કરવામાં આવ્યો

આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરો તથા મેડીકલ ટીમની હાજરીમાં લાભાર્થીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી. જે વિદ્યાર્થીઓને આંખો તપાસતા જણાવવામાં આવ્યુ કે તેમ ને નંબર હોવાનું જણાયુ. તેમને નંબરવાળા ચશ્માં ફ્રીમાં આપવામાં આવ્યા હતા તથા આંખોની સાચવણી માટેની જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યુ હતું.

એનિમિયા કેમ્પ અંતર્ગત લોહીની ઉણપ, હિમોગ્લોબિન, કૃમિ કે લોહિ વિકારની તપાસ કરવામાં આવી હતી. જેમને હિમોગ્લોબિનની ઉણપ જોવા મળી હતી. તેમને આરોગ્ય વિશે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ તથા આયર્ન તથા ફોલિક એસિડની ટેબ્લેટ આપવામાં આવી હતી. આ બન્ને કેમ્પના ૪૫૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો તથા બન્ને કેમ્પ ખુબ જ સુંદર રીતે પુર્ણ થયો હતો.






## ધુળેટી(હોળી) ફેસ્ટીવલ

પ્રોજેકટ : ધુળેટી(હોળી) ફેસ્ટીવલ    તારીખ : ૪-૩-૨૦૨૬
પ્રોજેકટ ચેર :    સ્થળ : રોટરી હોલ

ધુળેટી(હોળી) રંગો, આનંદ તથા એકતાનો તહેવાર છે. રોટરી પરિવારના મિત્રો સાથે રંગબેરંગી કલરોથી ધુળેટી(હોળી) ફેસ્ટીવલ આનંદપુર્વક ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે તમામ સભ્યો એકબીજાને રંગ લગાવીને ધુળેટી(હોળી) ફેસ્ટીવલની મજા માણી હતી. વિવિધ રંગબેરંગી કલર, ફુગ્ગા, પિચકારી તથા શાવર દ્વારા રંગે રમવાની ખુબ જ મજા આવી હતી. ધુળેટી(હોળી) રમ્યા બાદ સૌએ મનગમતુ ભોજનનો આનંદ માણ્યો હતો. આનંદમય તથા ઉત્સાહભર્યા વાતાવરણમાં સૌએ સાથે મળીને ફેલોશિપનો સુંદર અનુભવ કર્યો હતો. આ પ્રસંગે સૌમાં ખુશી, મિત્રતા તથા એકતાની લાગણી વધુ મજબુત બની હતી.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555





## કોમ્પિટિશન સર્ટીફીકેટ વિતરણ

પ્રોજેક્ટ : કોમ્પિટિશન સર્ટીફીકેટ વિતરણ
તારીખ : ૬-૩-૨૦૨૬
પ્રોજેક્ટ ચેર : મેઘાવિની રાવલ, અનિતા પટેલ
સ્થળ : ‘‘કલા કર્મ પીઠ’’

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા અનુબંધ સંસ્થાના સહયોગથી ‘‘કલા કર્મ પીઠ’’ કલાસીસમાં બ્યુટી પાર્લર, ખાટલી વર્ક, રેઝિન આર્ટ, મહેંદી તથા શિવણ કોમ્પિટિશન રાખવામાં આવી હતી.

આ કલાસીસ ખાસ કરીને જરૂરિયાતમંદ બહેનોને આત્મનિર્ભર બનાવવામાં મદદરૂપ થાય તે હેતુથી ચલાવવામાં આવે છે. જેથી બહેનો ભવિષ્યમાં પોતાના પગ પર ઉભી રહી શકે. કલાસીસમાં શિખવતી બહેનો તેમજ તાલીમ લેતી બહેનો માટે એક ખાસ કોમ્પિટીશન પણ રાખવામાં આવી હતી. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ એ હતો કે તાલીમ દરમિયાન બહેનોએ કેટલુ શીખ્યુ છે, તેમની પ્રતિભા તથા કુશળતા કેટલી વિકસેલી છે તે જાણવા મળે, સ્પર્ધામાં બહેનોને પોતાના કામ તથા અનુભવો રજુ કરવાની તક આપવામાં આવી હતી. તમામ બહેનોએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. બહેનોનો આત્મવિશ્વાસ વધે છે અને તેઓ વધુ સશકત બની શકે છે.

સીવણમાં ૧૨ પાર્ટીસીપેટ, પાર્લરમાં ૪ પાર્ટીસીપેટ, ખાટલી વર્કમાં ૧૦ પાર્ટીસીપેટ તથા મહેંદીમાં ૨ પાર્ટીસીપેટ હતા. દરેક પાર્ટીસીપેટ માટે પ્રથમ, દ્વિતીય તથા તૃતીય એમ ત્રણ ઇનામો આપવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર બહેનોને તેમની મહેનત અને ઉત્સાહ માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી. તદુપરાંત કલાસમાં નિયમિત રીતે આવીત તમામ બહેનોને શીખવાની લાગણીને માન આપતા સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યા હતા. અલગ-અલગ કોમ્પિટિશનમાં અલગ-અલગ નિષ્ણાંતો દ્વારા પ્રાઇઝ નકકી કરવામાં આવી હતી. કલાસીસમાં આવતી બહેતો તથા પાર્ટિસીપેન્ટ લીધેલી બહેનો દ્વારા ખુબ સારો પ્રતિસાદ મળેલ છે. બહેનો ઘરકામમાં વ્યસ્ત રહેતી હતી હંમેશા કંઇક નવુ શીખવાની ઇચ્છા હતી. પણ યોગ્ય તક મળતી નહોતી, પરંતુ ‘‘કલા કર્મ પીઠ’’ કલાસીસમાં જોડાયા પછી ખુબ સારો અને આનંદદાયક અનુભવ મળ્યો. બહેનો સાથે મળીને શીખવા, વાતચીત કરવા તથા નવી કળાઓ શીખવાની તક મળવાથી તેમનો આત્મવિશ્વાસ પણ વધ્યો.

‘‘કલા કર્મ પીઠ’’ કલાસીસની નોંધ ડિસ્ટ્રીકટ(૩૦૬૦) માં લેવાયેલી છે. રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા તમામને વડાપાંઉ તથા કોલ્ડ્રિંકસની ફેલોશિપ આપવામાં આવી હતી.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555












## પ્લાસ્ટીક સર્જરી કેમ્પ

પ્રોજેક્ટ : પ્લાસ્ટીક સર્જરી કેમ્પ
તારીખ : ૭-૩-૨૦૨૬ થી ૮-૩-૨૦૨૬
પ્રોજેક્ટ ચેર : રો. ડો. નથવાણી સર, રો. ડો. સિદ્ધેશ વોરા
સ્થળ : સી. યુ. શાહ મેડીકલ કોલેજ

આ કેમ્પ શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ તથા સી. યુ. શાહ મેડિકલ કોલેજના સહયોગથી કરવામાં આવ્યો હતો. રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા પરમેનન્ટ પ્લાસ્ટિક સર્જરી કેમ્પ કરવામાં આવે છે. આ કેમ્પમાં ૩ હાઇપોસ્પડિયાસીસ, ૧ રસોલી, ૧ કાનની બુટ રીપેર કરવામાં આવી હતી. દર્દીઓને તબીબી તપાસ, સર્જરી, દવાઓ તથા ડાયગ્નોસ્ટિક રિપોર્ટ સહિત સમર્ગ પ્રક્રિયા સંપુર્ણપણે મફતમાં પુરી પાડવામાં આવી હતી. અમદાવાદના નિષ્ણાંત પ્લાસ્ટીક સર્જન ડો. પી. કે. બીલવાણી તથા ડો. કેતન પરમાર(પ્લાસ્ટીક સર્જન) સુરતથી આવે છે.


આ કેમ્પમાં ગરીબ તથા જરૂરિયાતમંદ દર્દીઓની નિઃશુલ્ક સારવાર થાય છે. રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા પ્લાસ્ટિક સર્જરી કેમ્પ દર વર્ષે ખુબ જ સફળ રહે છે.

આ કેમ્પમાં રો. પ્રેસિડન્ટ હિરેન શાહ તથા રો. સેક્રેટરી જીતેશ દફતરી, મેડીકલ સ્ટાફ તથા રોટરીના અન્ય સભ્યો હાજર રહયા હતા.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555









## સુરેન્દ્રનગરમાં વિનામૂલ્યે પ્લાસ્ટીક સર્જરી કેમ્પ યોજાયો

Sandesh

સુરેન્દ્રનગર : રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા સી.યુ.શાહ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પીટલ ખાતે વિનામૂલ્યે પ્લાસ્ટીક સર્જરી કેમ્પનું આયોજન કરાયુ હતુ.નીષ્ણાત તબીબો ડો. પી.કે.બીલવાણી અને ડો. કેતન પરમારે ૨૦ દર્દીઓની તપાસ કરી હતી. જેમાંથી ૫ દર્દીઓની સફળતાપુર્વક પ્લાસ્ટીક સર્જરી કરાઇ હતી. કેમ્પના આયોજનને સફળ બનાવવા કલબના પ્રમુખ હીરેન શાહ, પ્રોજેકટ ચેરમેન ડો. સીધ્ધેશ વોરા, સી.યુ.શાહ હોસ્પીટલના સીઇઓ ડો. શ્યામ શાહ સહિતનાઓએ તૈયારીઓ કરી હતી.

## કુપોષણ ભારત ભાગ-૩

પ્રોજેકટ : કુપોષણ ભારત ભાગ-૩
પ્રોજેકટ ચેર : રો. પિનલ દેકેવાડિયા

તારીખ : ૭-૩-૨૦૨૬
સ્થળ : રોટરી હોલ

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા ‘‘દેશ રોશન થીમ’’ આધારિત કુપોષણ ભાગ-૩ કરવામાં આવ્યો છે. આ પાંચ આંગણવાડીમાં સુરેન્દ્રનગર-૭, સુરેન્દ્રનગર-૧૪, સુરેન્દ્રનગર-૧૬, પ્રાણગઢ-૧, પ્રાણગઢ-૨ એમ કુલ પાંચ આંગણવાડીમાં બાળકોને સરગવાની ચોકલેટ સાથે જનરલ નોલેજ તથા એજ્યુકેશન સામગ્રી આપવામાં આવી તેમાં ફળ, ફુલ, શાકભાજી, ગાણિતિક આકારના ચાર્ટ તેમજ રમકડાની કિટનો સમાવેશ હતો. આ સામગ્રી દ્વારા બાળકોના જ્ઞાન-વિકાસ સાથે પોષણ તથા રમુજભર્યુ શિક્ષણ પ્રોત્સાહિત કરવામાં આવ્યુ. ખાસ કરીને સરગવો(ડમસ્ટિક) પોષક તત્વોથી ભરપુર હોય છે. પણ ઘણા બાળકો ખાવાનુ પસંદ નથી કરતા. આ બાબતને ધ્યાનમાં રાખીને બાળકોને સરગવાની બનાવેલી ચોકલેટ આપવામાં આવી હતી. આ ચોકલેટ સુરેન્દ્રનગરની મેકસન ઈન્ડસ્ટ્રીમાં નેચરલ રીતે તૈયાર કરવામાં આવે છે. જેના કારણે તે આરોગ્ય માટે લાભદાયી તથા સુરક્ષિત છે.

જીજ્ઞાબેન વાઘેલા(CDPO) તથા ઝરણાબેન ગોહિલ(સુપરવાઈઝર) તથા કાર્યકર્તા બહેનોને રોટરી હોલ પર બોલાવીને કીટ અર્પણ કરવામાં આવી હતી. આ કીટની પસંદગી તથા આંગણવાડીની પસંદગી રો. પિનલબેન દ્વારા કરવામાં આવી છે.

ખાસ નોંધ : રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરનાં પ્રોજેકટ કુપોષણ ભારતની પ્રેરણા લઈને રોટરી

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



કલબ ઓફ હળવદ દ્વારા પણ એક ઉતમ સેવાકીય કામગીરી હાથ ધરવામાં આવી હતી. હળવદ ગામમાં આવેલી ૧૦ આંગણવાડીમાં સરગવાની ચોકલેટ(ડમસ્ટિક) શૈક્ષણિક ચાર્ટ તેમજ રમકડાની કીટ આપવામાં આવી હતી.

રો. પ્રેસિડન્ટ ગજેન્દ્ર મોરડિયા તથા રો. સેક્રેટરી પ્રતિક પાઠકના નેતૃત્વ હેઠળ આ કીટ આંગણવાડીમાં આપવામાં આવી. એકબીજાની પ્રેરણા લઈને રોટરી કલબ સતત નવા સેવાકાર્યો તરફ આગળ વધી રહી છે. કલબના તમામ સભ્યોના સહકાર તથા સમર્પણના કારણે સેવા કાર્યની આ પરંપરા વધુ મજબુત બની રહી છે.



જનયુગ દૈનિક, સુરેન્દ્રનગર:- રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા સુરેન્દ્રનગરનાં મફતીયાપરા, વડનગર તથા વઢવાણના પ્રાણગઢ ગામની આંગણવાડીઓમાં પ્રેસિડેન્ટ હિરેનભાઈ શાહ, સેક્રેટરી જીતેશભાઈ દફતરી, પ્રોજેક્ટ ચેર પીનલબેન દેકાવાડિયાના સંયોજનથી બાળકોને પોષણક્ષમ સરગવાની ચોકલેટ, શૈક્ષણિક રમકડા અને ચાર્ટ્સનું વિતરણ સીડીપીઓ જિજ્ઞાસાબેન, સુપરવાઇઝર ઝરણાબેન અને તેમની ટીમને વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે હેલ્થ સુપરવાઇઝર મહેન્દ્રભાઈ લીંબડ પણ ઉપસ્થિત રહ્યા હતાં.

## પલંગ વિતરણ (ભાગ-૧)

પ્રોજેકટ : પલંગ વિતરણ (ભાગ-૧)
પ્રોજેકટ ચેર : રો. સિધ્ધેશ મહેતા

તારીખ : ૮-૩-૨૦૨૬
સ્થળ : કમળ દેરાસર, ઘર હો તો ઐસાની બાજુમાં



રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા રોટરી કલબ ઓફ વઢવાણ મેટ્રોના સંયુકત ઉપક્રમે પલંગ વિતરણ કરવામાં આવ્યા.

વિરેન્દ્રગઢ આશ્રમ શાળામાં બાળકોને પલંગ વિતરણ કરવામાં આશ્રમ શાળામાં બાળકોને પુરતી સુવિધા ન હોવાને કારણે તેઓને નીચે પથારી પાથરીને સુવુ પડતુ હતુ. બાળકોને આરામદાયક નિંદ્રા તથા સ્વસ્થ જીવન માટે યોગ્ય સુવિધા મળે તે માટે બન્ને કલબના સહયોગથી ૧૫૦ પલંગ તથા એક પલંગની કોસ્ટ ૯૪૦ છે.

મુળી હાઈવે પર આવેલ શિવાલય વૃધ્ધાશ્રમમાં ૧૦ બાથરૂમ સેટ, ડોલ, ટમ્બલર તથા પાટલા તેમજ ૨૦ પલંગ અર્પણ કરવામાં આવ્યા.

આ સુવિધાથી વૃધ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોને વધુ સુવિધા તથા આરામ મળી રહે. પરંતુ વૃધ્ધો તથા બાળકોને પલંગ પર સુવાની સુવિધા મળતા તેમના ચહેરા પર અનોખો આનંદ તથા સંતોષ જોવા મળ્યો હતો. આ પલંગ વિતરણ પ્રોજેકટ ખુબ જ સફળ રહયો છે.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555




## વિરેન્દ્રગઢ આશ્રમશાળામાં બાળકો માટે ૧૫૦ બેડ અર્પણ કરાઈ






સુરેન્દ્રનગર : રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર અને રોટરી કલબ ઓફ વઢવાણ મેટ્રોલના સંયુકત ઉપક્રમે ધ્રાંગધ્રા તાલુકાના વિરેન્દ્રગઢ ગામે આવેલ આશ્રમ શાળામાં બાળકો માટે ૧૫૦ બેડ અર્પણ કરાયા હતા. આ તકે કલબના પ્રમુખ હીરેન શાહ, તૃપ્તીબેન આચાર્ય સહિતના સભ્યો તથા આશ્રમ શાળા પરીવાર ઉપસ્થીત રહ્યો હતો.

## Meeting - 23

મીટીંગ કોલ ટુ ઓર્ડર : કાજલ મહેતા
ફોર વે ટેસ્ટ : રો. દિપલ મહેતા
સુવિચાર : મેઘના મહેતા

ગ્રીટિંગ્સ : રો. કલ્પના મહેતા
એટેન્ડન્સ : રો. હર્ષદ મહેતા
તારીખ : ૧૧-૩-૨૦૨૬

ધુળેટી ફેસ્ટિવલનો અહેવાલ ડો. અમી વોરા દ્વારા આપવામાં આવ્યો હતો.

મેમોગ્રાફી કેમ્પ જે ખુબ જ સફળ રહયો છે તેની માહિતી બીના ચૌધરી દ્વારા આપવામાં આવી.

પલંગ પ્રોજેક્ટનો અહેવાલ રો. સિધ્ધેશ મહેતા દ્વારા આપવામાં આવ્યો.

પ્રોજેકટ કુપોષણ મુકત ભારત ભાગ-૩ નો અહેવાલ રો. પિનલ દેકેવાડિયા દ્વારા આપવામાં આવ્યો.

વર્ષ ૨૦૨૬-૨૭ માં **UPCOMING** રો. પ્રેસિડન્ટ હર્ષ મહેતા તથા રો. સેક્રેટરી દિપલ મહેતા દ્વારા બોર્ડ મેમ્બર જાહેર કરીને તેની માહિતી આપી હતી.

પલંગ પ્રોજેકટ ભાગ-૨ કયા અને કેવી રીતે કરવો તેની ચર્ચા રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



કરવામાં આવી હતી.

ઉદ્યોગ કૌશલ્ય પ્રોજેકટ કરવા જઇ રહયા છીએ તેની માહિતી મેઘાવિની રાવલ દ્વારા આપવામાં આવી હતી.

કેન્સર અવેરનેશ પ્રોજેકટ કરવા જઇ રહયા છીએ તેની માહિતી રો. પિનલ દેકેવાડિયા દ્વારા આપવામાં આવી હતી.

''કલાત્મક પીઠ'' કલાસીસમાં સર્ટીફિકેટ વિતરણ તથા કોમ્પિટિશનનો વિગતવાર અહેવાલ મેઘાવિની દ્વારા આપવામાં આવ્યો.

પ્લાસ્ટિક સર્જરી કેમ્પનો અહેવાલ રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવ્યો.

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર હેલ્થ એન્ડ હેલ્પ સેન્ટર દ્વારા ૬ વોટર પ્રુફ બેડ, ૧ વિલચેર, ૩ ઘોડી ડોનેટ કરવામાં આવ્યુ તથા હેલ્થ એન્ડ હેલ્પ સેન્ટરનાં એકિટવ મેમ્બર રો. ઉદય રાવલ દ્વારા આપવામાં આવી.

## ઉદ્યોગ કૌશલ્ય વર્ગ

પ્રોજેક્ટ : ઉદ્યોગ કૌશલ્ય વર્ગ

તારીખ : ૧૩-૩-૨૦૨૬
સ્થળ : રોટરી હોલ

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા અનુબંધ સંસ્થાના સંયુકત ઉપક્રમે ''કલા કર્મ પીઠ'' પ્રોજેક્ટ અંતર્ગત સશકિતકરણ તથા સ્વાવલંબન આગળ વધારવાના હેતુથી વિશેષ ઉદ્યોગ કૌશલ્ય વર્ગનું આયોજન કરવામાં આવ્યુ. આ ઉદ્યોગ કૌશલ્ય વર્ગમાં ૩૯ બહેનોનું રજીસ્ટ્રેશન થયુ હતુ.

બહેનોનું પહેલા નામ સાથે રજીસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતુ. અમદાવાદના પ્રખ્યાત સૃષ્ટિ સંસ્થાના ચેતનભાઇ દ્વારા મહિલાઓને વિશેષ માર્ગદર્શન, પ્રેઝન્ટેશન દ્વારા પ્રેકિટકલ ઉદાહરણો સાથે સાથે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.


ઉદ્યોગ ક્ષેત્રમાં માર્કેટિંગ તથા પેકેજિંગ ખુબ જ મહત્વનું છે. કોઇપણ ઉત્પાદન સારી ગુણવતા વાળુ હોવા છતા યોગ્ય માર્કેટિંગ કરવુ તથા આકર્ષક પેકેજિંગ કરવુ જોઇએ. પેકેજિંગ પર બ્રાન્ડનું નામ, કિંમત, ઉત્પાદનનું નામ, તારીખ તથા જરૂરી માહિતી લખવી જોઇએ.

માર્કેટિંગ તથા પેકેજિંગ પર ખુબ સરળ રીતે સમજાવવામાં આવ્યુ હતુ. અત્યારના ડિઝિટલ યુગમાં બિઝનેસના વિકાસ માટે મહત્વપુર્ણ સાધન, ઇન્સ્ટાગ્રામ, વોટસએપ તથા યુટયુબ જેવા માધ્યમો દ્વારા ઉત્પાદનનું સરળતાથી પ્રચાર કરી શકાય છે. ઉત્પાદનોના ફોટા, માહિતી વિડિયો શેર કરવાથી લોકો સુધી પહોંચે છે. તેની જાણકારી પહોંચે છે તથા ગ્રાહકોનો વિશ્વાસ વધે છે. સોશિયલ મિડિયાના યોગ્ય ઉપયોગથી નાનો કે મોટો બિઝનેસ બજારમાં પોતાની અલગ ઓળખ ઉભી કરી શકે છે.

સરકાર દ્વારા વિવિધ યોજનાઓ ચલાવવામાં આવે છે. આ યોજનાઓ હેઠળ તાલીમ, માર્ગદર્શન, નાણાકીય સહાય, સબસિડી તથા માર્ગદર્શન જેવી સુવિધાઓ આપવામાં આવે છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર(**DIC**) અથવા સંબંધિત કચેરીમાં સંપર્ક કરી યોગ્ય માહિતી મેળવી શકાય છે.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

સરકારી યોજનાઓનો યોગ્ય ઉપયોગ કરીને નવા ઉદ્યોગકારો માટે વિકાસનાં નવા માર્ગ ખુલ્લા થાય છે. આમ આ ઉદ્યોગ કૌશલ્ય વર્ગ ખુબ જ સફળ રહયો છે. માર્ગદર્શન દ્વારા મહિલાઓમાં ઉત્સાહની સાથે આનંદ અને વિશ્વાસ બની રહયો. ઘણી મહિલાઓએ પ્રશ્ન પુછેલા તેની પણ સરળ શબ્દોમાં તેમની મુંજવણ દુર કરી હતી.







## સર્વાઈકલ કેન્સર અવેરનેસ પ્રોગ્રામ

પ્રોજેક્ટ : સર્વાઈકલ કેન્સર અવેરનેસ પ્રોગ્રામ
પ્રોજેક્ટ ચેર : રો. પિનલ દેકેવાડિયા

તારીખ : ૧૪-૩-૨૦૨૬
સ્થળ : કે. પી. ગર્લ્સ હાઈસ્કૂલ

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા સર્વાઈકલ કેન્સર જાગૃતતા, **HPV** વેક્શીન, **PCOD** તથા પેડ વિતરણ કરવામાં આવ્યુ તથા આનું માર્ગર્શન હેમલબેન ધારાદેવ દ્વારા કે. પી. ગર્લ્સ હાઈસ્કૂલની ધોરણ ૯ થી ૧૧ ની દિકરીઓને માર્ગદર્શન આપવામાં આવ્યુ. ભારત સરકાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંગલમ તથા (**WHO**)ની માર્ગદર્શિકા મુજબ ભવિષ્યમાં સર્વાઈકલ કેન્સરનું પ્રમાણ ઘટાડવા માટે અત્યંત જરૂરી માનવામાં આવે છે. આ રસીકરણ દ્વારા માનવ પેપિલોમાં

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



વાયરસથી થતા સંક્રમણ અટકે છે. જે સર્વાઈકલ કેન્સરનું મુખ્ય કારણ માનવામાં આવે છે. તેથી કિશોરીઓમાં (**HPV**) રસીકરણને મહત્વપુર્ણ તથા અસરકારક નિવારક પગલા તરીકે સ્વીકારવામાં આવ્યુ છે. જે ભવિષ્યમાં મહિલાઓના સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવામાં મહત્વની ભુમિકા ભજવે છે.

**PCOD** એસ્પીઓમાં થતો હોર્મોનલ અસંતુલનનો એક સામાન્ય રોગ છે. કોલ્ડ્રીંક્સ, પેકેટવાળા ફુડ, જંક ફુડનું વધુ પ્રમાણમાં સેવન કરવાથી શરીરના હોર્મોન્સ પર અસર પડી શકે છે. જે આરોગ્ય માટે યોગ્ય નથી. ખાસ કરીને કિશોરીઓમાં તથા યુવા વયની છોકરીઓમાં આવા ખોરાકના વધારે સેવનથી હોર્મોનલ અસંતુલન રહે છે. **PCOD** વિશે સમયસર જાણકારી, સ્વસ્થ જીવનશૈલી તથા ડોકરની સલાહ દ્વારા નિયંત્રિત કરી શકાય છે. ૯ થી ૧૧ ધોરણની તમામા દિકરીઓને સેનેટરી પેડ પણ રો. પિનલ દેકેવાડિયા દ્વારા આપવામાં આવ્યા હતા. ફર્સ્ટ લેડી તોરલ શાહ તથા પ્રોજેક્ટ ચેર રો. પિનલ દેકેવાડિયાની હાજરીથી વિદ્યાર્થીનીઓને સારી પ્રેરણા મળી.

આમ આ પ્રોજેક્ટ ખુબ જ અને ખુબ જ લાભદાયી રહયો છે. વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રશ્નો પણ પુછવામાં આવ્યા હતા. તેમના જવાબ હેમલ ઠક્કર દ્વારા સહજતાથી આપવામાં આવ્યા હતા.












ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## ડ્રોઇંગ કોમ્પીટીશન

પ્રોજેક્ટ : ડ્રોઈંગ કોમ્પીટીશન

તારીખ : ૨૪-૩-૨૦૨૬
સ્થળ : રોટરી કલબ

રો. પ્રેસિડેન્ટ હિરેન, સેક્રેટરી જીતેશ દફતરી, સંજ્ઞા આચાર્ય, તાલુકાના પ્રાથમિક શિક્ષણ અધિકારી એમ. જી. રથવી સાહેબના હસ્તે દીપ પ્રાગટ્ય સાથે કાર્યક્રમનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો હતો. એમ. જી. રથવી સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરણારૂપી માહિતી આપવામાં આવી હતી. વઢવાણ તાલુકાની વિવિધ શાળાઓમાંથી વિદ્યાર્થીઓ માટે ડ્રોઈંગ કોમ્પીટીશન રાખવામાં આવી હતી, તેમાંથી પસંદગી કરીને ૩૪ વિદ્યાર્થીઓને સિલેક્ટ કરવામાં આવ્યા હતા. ‘‘કવિ દલપતરામ’’ ના ચિત્ર પરથી થીમ રાખાવામાં આવી હતી. નિર્ણાયક તરીકે ભાવીની બા ઝાલા આર્ટ સ્ટુડિયો તથા સમા જિંદાણી આર્ટ સ્ટુડિયો આવ્યા હતા. ભાગ લેનાર દરેક વિદ્યાર્થી ખુબ જ પ્રતિભાશાળી હતા જેના કારણે નિર્ણાયકો માટે પસંદગી કરવી મુશ્કેલ હતી પરંતુ છ વિદ્યાર્થીઓને નંબર આપી સિલેક્ટ કરવામાં આવ્યા હતા. રાજ્પુતાના આર્ટ સ્ટુડિયો તથા સમાજિંદાણી આર્ટ કલાસમાં નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને તાલીમ મેળવવાની તક આપવામાં આવી છે. આ તાલીમ દોઢ મહિના સુધીનો ખર્ચ રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા સ્પોન્સરશીપ રૂપે આપવામાં આવી છે. આ પહેલ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી કલાત્મક પ્રતિભાને વધુ વિકાસ કરવાની ઉતમ તક પ્રાપ્ત થશે. ભેળ, ગુલાબજાંબુ તથા કોલ્ડ્રિંક્સ તમામ વિદ્યાર્થી તથા વાલીઓને ફેલોશીપ રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા આપવામાં આવી હતી. રો. પ્રેસિડેન્ટ હિરેન શાહ, સેક્રેટરી જીતેશ દફતરી, સેકન્ડ લેડી હેમાલી દફતરી, રો. ઉદય રાવલ, રો. જયેશ પંચોલી, રો. રશ્મિન મહેતા, રો. રાકેશ શાહ, રો. કમલેશ રાવલ, રો. પીનલ દેકેવાડીયા હાજર રહીને ખુબ સાથ સહકાર આપ્યો હતો.




ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555










**વઢવાણ તાલુકાના સરકારી શાળાના વિદ્યાર્થીઓ માટે કવિ દલપતરામ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું**

જનયુગ દૈનિક, સુરેન્દ્રનગર:- રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા પ્રેસિડેન્ટ હિરેનભાઈ શાહ સેક્રેટરી જીતેશભાઈ દફતરીના નેતૃત્વ હેઠળ વઢવાણ તાલુકાના સરકારી શાળાના વિદ્યાર્થીઓ માટે કવિ દલપતરામ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રેષ્ઠ આઠ બાળકોને પસંદ કરી તેમને ભાવિનીબા રાજપુતાના આર્ટ કલાસીસ તેમજ સમાબેન જીંદાણી ચિત્રનું કોચિંગ આપશે જે કોર્સનો સમગ્ર ખર્ચો રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગર આપશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વઢવાણ -૧૩ ના આચાર્ય શ્રી સંજ્ઞાબેન આચાર્ય દ્વારા સફળ પ્રયત્ન કરાયા હતાં. તેમજ વઢવાણ તાલુકાના પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી એમ.જી.રથવી દ્વારા પણ વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે ખૂબ સફળ પ્રયત્ન કરાયા હતાં. સમગ્ર કાર્યક્રમ દરમિયાન રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગરના મેમ્બર્સ ઉદયભાઇ રાવલ ,રાકેશભાઈ શાહ, કમલેશભાઈ રાવલ, રશ્મિનભાઈ મહેતા, હેમાલીબેન દફતરી, પિનલબેન દેકાવાડીયા પણ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતાં.

## બ્લડ ડોનેશન કેમ્પ

પ્રોજેક્ટ : બ્લડ ડોનેશન કેમ્પ (ચિરંજીવી ભવા)

તારીખ : ૨૩-૩-૨૦૨૬ થી ૨૭-૩-૨૦૨૬
સ્થળ : સી. યુ. શાહ મેડિકલ કોલેજ,
શ્રીમદ્ રાજચંદ્ર સર્વમંગલ હોસ્પિટલ

રો. પ્રેસિડેન્ટ હિરેન શાહ, રો. નીતિન શાહ, રો. જયેશ પંચોલી, રો. ઉદય રાવલ, ડો. શ્યામ શાહ, જીગ્નેશ કલારીયા તથા અન્ય મેડિકલ કોલેજના સભ્યો દ્વારા દીપ પ્રાગટયથી શરૂઆત કરવામાં આવી હતી. આ કેમ્પ ચાર દિવસ રાખવામાં આવ્યો હતો, બ્લડ ડોનેશન કેમ્પ ફકત મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ માટે આયોજિત કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ૧૦૦ બ્લડ બોટલ એકત્રિત કરવાનો લક્ષ રાખવામાં આવ્યો હતો. પરંતુ ૧૨૦ બ્લડ બોટલ એકત્રિત થઇ હતી. આ આયોજનમાં રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા સ્પોન્સરશિપ આપવામાં આવી હતી. આ કેમ્પમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તરફથી એપ્રિશિયેશન રૂપે નાની ભેટ આપવામાં આવી હતી. આ કેમ્પ સફળતાપુર્વક પૂર્ણ થયો તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક બ્લડ ડોનેશન કરીને સમાજ સેવા માટે સરાહનીય યોગદાન આપ્યું.






ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## Meeting - 24

મીટીંગ કોલ ટુ ઓર્ડર : કે. એન. પટેલ
ફોર વે ટેસ્ટ : રો. કમલેશ રાવલ
સુવિચાર : રો. ક્રિષ્ના સોલંકી
ગ્રીટિંગ્સ : રો. દિલીપ શાહ
એટેન્ડન્સ : રો. ચિંતન રાવલ
તારીખ : ૨૫-૩-૨૦૨૬

સર્વાઇકલ કેન્સર પ્રોજેક્ટનો અહેવાલ રો. પીનલ દેકેવાડિયા દ્વારા આપવામાં આવ્યો હતો.

બ્લડ ડોનેશન કેમ્પનો અહેવાલ રો. નીતિન શાહ દ્વારા આપવામાં આવ્યો હતો.

ડ્રોઈંગ કોમ્પીટીશન નો અહેવાલ રો. પીનલ દેકેવાડિયા દ્વારા આપવામાં આવ્યો હતો.

રોટરી વર્ષ ૨૦૨૬-૨૭ ના બોર્ડ ડિકલેર કર્યો તેની માહિતી ઇનકમિંગ રો. પ્રેસિડન્ટ હર્ષ મહેતા દ્વારા આપવામાં આવી હતી.

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરના બાળકો નેશનલ રાયલામાં જઇ રહયા છે તેની માહિતી રો. પારસ સોલંકી દ્વારા આપવામાં આવી હતી.

## પલંગ વિતરણ (ભાગ-૨)

પ્રોજેક્ટ : પલંગ વિતરણ (ભાગ-૨)
ડોનર : રો. જીતેન્દ્ર રાઠોડ
તારીખ : ૨૭-૩-૨૦૨૬
સ્થળ : નિરાંત ઘર, સોમાસર-રાજકોટ હાઇવે

રાજકોટ હાઇવે પર આવેલ સોમાસર ગામમાં આવેલા નિરાંત ઘરમાં રહેતા વૃધ્ધ લોકો માટે રો. જીતેન્દ્ર રાઠોડ તથા અલકા રાઠોડ પરિવાર તરફથી ૩૦ પલંગનો ડોનેશન આપવામાં આવ્યુ. આ સંસ્થામાં એવા વૃધ્ધ લોકો રહે છે જેમને સંભાળવા માટે પરિવાર નથી અથવા કોઇ રાખવા વાળું નથી. તેમની પરિસ્થિતિ ઘણી વાર ખુબ જ કરૂણા જનક જોવા મળે છે. આવા નિરાધારા વૃદ્ધોને આ સંસ્થામાં રાખી તેમની સંભાળ લેવામાં આવે છે તથા તેમને દવા, જમવાનું અને રહેઠાણ જેવી જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે આ સંસ્થાનું સંચાલન નિરૂપાબેન દ્વારા ખુબ જ સમર્પણ તથા સેવાભાવથી કરવામાં આવી રહ્યું છે. તેમના પ્રયત્નોથી અહીં રહેતા વૃદ્ધોને પરિવાર જેવી સંભાળ તથા સહારો મળી રહયો છે. રો. જીતેન્દ્ર રાઠોડ પરિવાર દ્વારા આપવામાં આવેલા પલંગના ડોનેશનથી નિરાંત ઘરમાં રહેતા વૃધ્ધ લોકોને આરામદાયક સુવિધા પ્રાપ્ત થઇ છે તથા તેમના જીવનમાં એક સુખદ અનુભવ ઉમેરાયો છે.







ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## અન્નપુર્ણા પ્રોજેક્ટ

પ્રોજેક્ટ : અન્નપુર્ણા પ્રોજેક્ટ
ડોનર : રો. અલ્પેશ સોની(શુભમ જ્વેલર્સ)
તારીખ : ૨૭-૩-૨૦૨૬
સ્થળ : નિરાંત ઘર, સોમાસર ગામ, રાજકોટ હાઇવે

રાજકોટ હાઇવે સોમાસર ગામમાં આવેલા નિરાંત ઘરમાં પલંગ ડોનેશન બાદ વૃધ્ધ લોકો માટે જમણવારનું આયોજન કરવામાં આવ્યું હતું.

રો. અલ્પેશ સોનીના પિતાશ્રી ધીરજલાલ સોનીના પુણ્યતિથિ નિમિતે આ સેવા કાર્ય કરવામાં આવ્યો હતો. આ નિરાંત ઘરના વૃધ્ધ લોકોને બટેટાનું શાક, દુધીનું શાક, ખમણ, શ્રીખંડ, રોટલી, દાળ, ભાત જેવા સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં આવ્યો. આ પ્રેમ ભર્યા જમણવારથી વૃધ્ધ લોકોના ચહેરા પર અલગ જ આનંદ તથા ઉમંગ જોવા મળ્યો. તેમને સારૂ તથા સ્વાદિષ્ટ ભોજન મળતા તેમના ચહેરા પર સંતોષ સ્પષ્ટ રીતે દેખાતો હતો.







રોટરી વર્ષ ૨૦૨૬-૨૭ રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરના રો. જય મહેતાને District(3060) ના District Secretary તરીકે નિમણૂક કરવામાં આવ્યા છે. આપણા માટે ગૌરવ તથા આનંદની ક્ષણ છે, તેમની આ મહત્વપુર્ણ જવાબદારી માટે હાર્દિક અભિનંદન તથા શુભેચ્છાઓ...

રોટરી વર્ષ ૨૦૨૬-૨૭ રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરના રો. રશ્મિન મહેતાને District(3060) ના District Foundation Co-Chair તરીકે નિમણૂક કરવામાં આવ્યા છે. આપની અવિરત મહેનત, સમર્પણ તથા સેવાના કારણે જ આજે તમે આ પ્રતિષ્ઠિત જવાબદારી સુધી પહોંચ્યા છો નવા પ્રેરણાદાયક કાર્ય થાય તેવી શુભેચ્છાઓ...





રોટરી વર્ષ ૨૦૨૬-૨૭ રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરના રો. સાગર શાહને District(3060) ના Vocational Training Resource Chair તરીકે નિમણૂક કરવામાં આવ્યા છે. આ આપણા માટે ગૌરવ તથા આનંદની ક્ષણ છે. સમાજ સેવા ક્ષેત્રે નવી દિશા તથા પ્રેરણા મળે તેવી ખુબ ખુબ હાર્દિક શુભેચ્છાઓ...

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555




રોટરી વર્ષ ૨૦૨૬-૨૭ માટે કલબના બોર્ડના મેમ્બરોને નિમણૂક કરવામાં આવી છે. બોર્ડ મેમ્બરોના માર્ગદર્શન અને સહકારથી કલબના તમામ પ્રોજેકટ સફળતાપુર્વક પૂર્ણ થાય તથા રોટરીના આદર્શોને આગળ વધારવામાં વધુ પ્રેરણા મળે તેવી ખૂબ ખૂબ હાર્દિક શુભચ્છાઓ...

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



# રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરની સિદ્ધિઓ વર્ષ ૨૦૨૫-૨૬

રોટરી વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કલબને પ્રતિષ્ઠિત કલબ એકિસલન્ટ એવોર્ડ પ્રાપ્ત થયો છે આ સિદ્ધિ કલબના તમામ સભ્યોના સમર્પણ સેવા ભાવના તથા ટીમવર્કથી થઇ શકયુ છે. ૯૦ થી વધુ પ્રોજેકટની માહિતી નિયમિત રીતે ન્યુઝ તથા પબ્લિક ઈમેજ પ્રોજેકટમાં પણ સમાવેશ કરવામાં આવે છે. આ વર્ષના પરમેનેન્ટ પ્રોજેકટ સહિત કુલ મળિને ૩૦૦ થી વધુ પ્રોજેકટ સફળતાપુર્વક પુર્ણ કર્યા છે. આ ઉપરાંત કલબને કોમ્યુનિટી સર્વિસ પ્રોજેકટ તથા પબ્લિક ઈમેજ પ્રોજેકટ કેટેગરીમાં પણ ૧ થી ૧૦ કલબમાં સ્થાન પ્રાપ્ત થયું છે. આ સિદ્ધિઓ કલબની સેવા પ્રવૃતિઓ તથા ટીમવર્કથી થઇ રહયુ છે.

## "NATIONAL RYLA"

**"NATIONAL RYLA"** રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર મેમ્બર્સના બાળકો તનય શાહ, નમસ્વી મહેતા, માહી સોલંકી, વેદિકા ઠકકર તથા કાવ્યા મહેશ્વરીએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. રાયલા દરમિયાન બાળકો માટે ખુબ જ સુવયવસ્થિત તથા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શરૂઆતથી લઈને બ્રેકફાસ્ટ-લંચ, હાઈટી તથા ડિનરની પણ ખુબ જ સારી રીતે વ્યવસ્થા કરવામાં આવી હતી. ઈન્ટ્રોડકશન સેશન, સ્પીકરોના માર્ગદર્શન, વિવિધ ગેમ્સ, જંગલ સફારી ટ્રેકિંગ તથા એન્ટરટેઈનમેન્ટ જેવી પ્રવૃતિઓ ખુબ જ સુંદર રીતે કરવામાં આવી હતી. ત્રણ દિવસ ચાલેલા આ રાયલા દરમિયાન બાળકોને નવું શીખવાનો ઉતમ અવસર મળ્યો તથા સાથે સાથે તેમને ખુબ જ સારો અનુભવ પણ રહયો. શિક્ષણ સાથે મનોરંજનનો સરસ સમન્વય જોવા મળ્યો જેના કારણે બાળકોને ખુબ આનંદ અને મજા પડી હતી.






ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

**WOMEN IN ROTARY**

Rotary District 3060 | UNITE FOR GOOD | Team Achievers

**Women in Rotary: From Exclusion to Global Leadership**

The history of Rotary International is a testament to the power of persistence. For decades, the organization was defined by its "male-only" constitution, but through the courage of pioneering women and the advocacy of progressive clubs, it has transformed into a global beacon of inclusivity. As we celebrate International Women's Day 2026, we honor a journey that evolved from early rejection to the highest levels of leadership.

The Long Road to Inclusion

The push for gender equality within Rotary began long before it reached the courts. In 1950, a Rotary club in India made history by proposing the removal of the word "male" from the organization's constitution. Similar efforts followed in 1964 by a club in Ceylon (now Sri Lanka) and again in 1972 by U.S. clubs. Despite the rising tide of female professionals, these early proposals were repeatedly met with resistance and close votes.

The Legal Breakthrough: Rotary International v. Rotary Club of Duarte The turning point came from the U.S. legal system. In 1977, the Rotary Club of Duarte, California, defied international policy by admitting three women, leading Rotary International to revoke the club's charter.

This sparked a legal battle that reached the U.S. Supreme Court. On May 4, 1987, in a unanimous 7-0 decision, the Court ruled that gender-based exclusion violated California's Unruh Civil Rights Act. The justices concluded that Rotary's public business activities did not grant it First Amendment protection to discriminate based on gender.

The First Female Club President: Dr. Sylvia Whitlock (1987)

Following that landmark Supreme Court victory, the gates finally opened at the local level. Dr. Sylvia Whitlock became the first woman to serve as president of a Rotary club in 1987, leading the very same Rotary Club of Duarte, California, that had fought the legal battle. She had originally joined in 1982 when the group operated as the "Ex-Rotary Club of Duarte" after its charter was revoked. Upon the club's reinstatement in May 1987, Sylvia was inducted as president just weeks later. Her legacy remains a cornerstone of the organization; she later served as District Governor, and the Sylvia Whitlock Leadership Award is still presented annually—including to the 2026 recipient, Mayan Raslan—to honor those advancing the status of women in Rotary.

A Global Transformation

The 1987 ruling served as a global "wake-up call." Pressure mounted to modernize, leading the 1989 Council on Legislation in Singapore to vote to remove male-only restrictions worldwide. The impact was immediate:

1990: Over 20,000 women joined the organization globally.

2010: Female membership reached 195,000 (16%).

2020: Membership grew to 277,000 (23%).

Breaking the Glass Ceiling: Jennifer Jones

The culmination of this decades-long struggle arrived on July 1, 2022, when Jennifer E. Jones, a member of the Rotary Club of Windsor-Roseland, Ontario, took office as the first female President of Rotary

**WOMEN IN ROTARY**

Rotary District 3060 | UNITE FOR GOOD | Team Achievers

International. Her presidency marked a historic milestone, shattering a glass ceiling that had stood for 117 years and proving that leadership knows no gender.

Beyond the symbolic victory, Jones's tenure focused on "Imagine Rotary," a call to dream big and harness the power of diversity to create lasting change. By prioritizing the recruitment of more women and younger members, she bridged the gap between Rotary's storied past and its modern, inclusive future. Her leadership demonstrated that when women are at the helm, the organization's empathy and innovation are significantly deepened.

Diversity is not just a goal; it is a commitment that strengthens our humanitarian impact across age, ethnicity, and gender identity." Today, women lead projects worldwide, embodying the core values of service and integrity.

As we look forward from 2026, the story of women in Rotary remains a powerful reminder that inclusive leadership is the key to a more resilient and compassionate world.

Rtn. Ruta Mandaliya
RC Surendranagar

રો. ઋતા સોની રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરના પબ્લિક ઈમેજ ચેર તરીકે સેવા આપી રહયા છે તથા ડિસ્ટ્રિકટ(૩૦૬૦) માં **GML** ટીમમાં પણ પોતાની ફરજ નિભાવતા રહયા છે, તેમણે **Woman In Rotary From Exclusion To Global Leadership** વિષય પર ખુબ સુંદર અને પ્રરણાદાયક લેખ લખ્યો છે આ ઉતમ લેખને ડિસ્ટ્રિકટ(૩૦૬૦) **GML** માં પણ સ્થાન મળ્યુ છે. જે આપણા કલબ માટે ગૌરવની વાત છે.




ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



**CLUBS IN ACTION**

Rotary District 3060 | UNITE FOR GOOD | Team Achievers

## ROTARY CLUB OF SURENDRANAGAR





Rotary Club of Surendranagar and Rotary Club of Wadhwan Metro jointly undertook a meaningful and heart-touching service initiative for the welfare of children studying at Virendragadh Ashram School, situated in the remote coastal region of the Rann.

Recognizing the basic needs of the students and with the aim of improving their living conditions, both Rotary Clubs came together to donate around 150 beds to the school. This thoughtful contribution was made to ensure that the children can enjoy comfortable and restful sleep—an essential factor for their health, well-being, and overall development.

The joy and bright smiles on the children's faces beautifully reflected the success and impact of this noble initiative. Through this project, Rotary once again reaffirmed its commitment to "Service Above Self," working tirelessly to bring comfort, dignity, and hope into the lives of young students who deserve a brighter future.

This initiative may be a small step, but it carries great significance in creating a more caring, supportive, and nurturing environment for the children of Virendragadh Ashram School.





Rotary Club of Surendranagar, in collaboration with Inner Wheel Club of Surendranagar and Shrimad Rajchandra Sarvamangal Hospital, successfully organized a Mammography Camp for women on 28th February 2026 and 1st March 2026.

Mammography is a specialized X-ray screening of the breast that plays a vital role in the early detection of breast cancer. Early diagnosis greatly improves the chances of timely treatment and recovery. However, due to limited awareness and financial constraints, many women hesitate to undergo this important screening.

Recognizing this need, the Rotary Cluc of Surendranagar arranged this camp at a highly subsidized and affordable cost with the aim of promoting preventive healthcare and increasing awareness about breast cancer screening among women.

The response to the camp was very encouraging, with more than 80 women registering and participating over the two days. The camp commenced successfully on the first day and continued to provide valuable health screening services to the participants.

Through such meaningful healthcare initiatives, Rotary Club of Surendranagar continues to demonstrate its strong commitment to community service, women's health, and social responsibility, making a positive impact on society.

રોટરી વર્ષ ૨૦૨૫-૨૬ ફેબ્રુઆરી મહિનામાં **GML** માં રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરને પલંગ વિતરણ તથા મેમોગ્રાફી પ્રોજેકટને **GML** ડિસ્ટ્રીકટ (૩૦૬૦)માં સ્થાન પ્રાપ્ત થયુ છે.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

REWARDS & RECOGNITION

Rotary District 3060 | UNITE FOR GOOD | Team Achievers

## TOP 5 CLUBS IN PUBLIC IMAGE AS PER RIZONES4567.ORG - FEB 2026

| Rank | Club Name | President Name | Secretary Name | AG Name |
|---|---|---|---|---|
| 1 | RAJKOT PRIME | Nihar Chandarana | Mehul Parmar | Nilesh Bhojani |
| 2 | SURAT ROUNDTOWN | Kaurin Panwala | Dr. Meena Shah | Nehal Shah |
| 3 | BHAVNAGAR VIBRANT | Namrita Chadha | Sunita Shah | Himanshu Jagani |
| 4 | SURENDRANAGAR | Hiren Shah | Jitesh Daftary | Sandeep Gandhi |
| 5 | SURAT EAST | Kirit Vankadi | Hitesh Vekariya | Sandeep Nanavati |

રોટરી વર્ષ ૨૦૨૫-૨૬ ફેબ્રુઆરી મહિનામાં GML માં રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર ‘‘પબ્લિક ઇમેજ કેટેગરીમાં ’’ ડિસ્ટ્રીકટ ૩૦૬૦ માં ૧ થી ૫ કલબમાં ચોથા ક્રમાંક ઉપર છે.

## TOP 10 CLUBS IN CLUB AND COMMUNITY SERVICE PROJECTS AS PER RIZONES4567.ORG - FEB 2026

| Rank | Club Name | President Name | Secretary Name | AG Name |
|---|---|---|---|---|
| 1 | BHAVNAGAR ROYAL | Dr Shakeel Chauhan | Nirav Doshi | Jatin Bhayani |
| 2 | SURENDRANAGAR | Hiren Shah | Jitesh Daftary | Sandeep Gandhi |
| 3 | CHIKHLI RIVERFRONT | Sanjay Patel | Dr.Chirag Desai | Gautam Bhavsar |
| 4 | BHAVNAGAR | Kaushal Sheth | Mahipalsinh Rana | Himanshu Jagani |
| 5 | AMRELI GIR | Trilok Bhatt | Nirav Zinzuvadia | Girish Thakkar |
| 6 | BARODA JAWAHARNAGAR | Mitesh Vadhia | Manish Shah | Dr. Yuvraj Priyadarshi |
| 7 | HALVAD | Gajendra Moradia | Pratik Pathak | Dr. Ashvin Gadhvi |
| 8 | RAJKOT PRIME | Nihar Chandarana | Mehul Parmar | Nilesh Bhojani |
| 8 | SURAT TAPI | Dipak Bhatt | CA Parth Shah | Bankim Vashi |
| 9 | BHARUCH | Bhavesh Hariyani | Akshar Mehta | Brijesh Parikh |
| 9 | GANDEVI | Shaileshbhai Vashi | Parul Naik | Dipesh Shah |
| 10 | VADODARA HERITAGE | Vandana Mahajani | Gurpreet Kaur | Nayan Kothari |

રોટરી વર્ષ ૨૦૨૫-૨૬ ફેબ્રુઆરી મહિનામાં GML માં રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર ‘‘કોમ્યુનિટી સર્વિસ પ્રોજેકટમાં ’’ ડિસ્ટ્રીકટ ૩૦૬૦ માં ૧ થી ૧૦ કલબમાં બીજા ક્રમાંક ઉપર છે.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555





## CAKES AND CANDLES



| | | | | |
|---|---|---|---|---|
| 4 Feb. | Rtn. | Pinal Boda & Chirag Boda | W. D. |
| 5 Feb. | Rtn. | Jagdish Halani | B. D. |
| 6 Feb. | Ann. | Kinari Dilip Shah | B. D. |
| 10 Feb. | Spo. | Kalpana Kalpesh Vanara | B. D. |
| 10 Feb. | Rtn. | Pallav Shah & Hetal Shah | W. D. |
| 11 Feb. | Ann. | Namshvi Siddhesh Maheta | B. D. |
| 13 Feb. | Ann. | Keyur Rashmin Maheta | B. D. |
| 14 Feb. | Ann. | Drashta Sahem Gadani | B. D. |
| 16 Feb. | Rtn. | Chintan Raval | B. D. |
| 18 Feb. | Spo. | Toral Hiren Shah | B. D. |
| 18 Feb. | Spo. | Kamini Apurva Shah | B. D. |
| 21 Feb. | Ann. | Diya Bhavik Vora | W. D. |
| 21 Feb. | Ann. | Urvesh Chirag Shah | W. D. |
| 22 Feb. | Rtn. | Mukesh Chandulal Chaudhari | W. D. |

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

| | | | | |
|---|---|---|---|---|
| 28 | Feb. | Ann. | Tanay Hiren Shah | B. D. |
| 28 | Feb. | Ann. | Dhairya Apurva Shah | B. D. |
| 30 | Feb. | Ann. | Mitul Nitin Shah | B. D. |
| 31 | Jan. | Ann. | Krishna V. G. Satani | B. D. |

UNITE FOR GOOD

Team Achievers

ROTARY INTERNATIONAL






## CLUB CONTACTS


**PRESIDENT**
*Rtn. Hiren Shah*
90677 89182
hirenshah6699@gmail.com

**SECRETARY**
*Rtn. Jitesh Daftari*
98252 23552
daftory@hotmail.com

**BULLETIN EDITOR**
*Rtn. Krishna Solanki*
94081 12173
krishnaomicron@gmail.com


Publisher : Rotary Club of Surendranagar

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555